# ગુજરાત રાજ્ય આંતર કૃષિ યુનિવર્સિટી સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધાઓ (૨૦૧૭-૧૮)

## <u>અહેવાલ</u>

ગુજરાત રાજ્ય આંતર કૃષિ યુનિવર્સિટી સાંસ્કૃતિક અને સાહિત્યિક સ્પર્ધાઓ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના યજમાન પદે તા. ૦૫/૧૦/૨૦૧૭ ના રોજ યોજાયેલ. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી , નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ૧૨૮ વિધાર્થીઓએ ભાગ લીધેલ. સ્પર્ધાના ઉદ્ઘાટન કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી, ડૉ. સી.જે. ડાંગરીયા ખાસ ઉપસ્થિત રહી વિધાર્થીઓનો ઉત્સાહ વધારેલ. મુખ્ય મહેમાન તરીકે ડૉ. એસ.એચ. અકબરી , નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ , આ.કૃ.યુ. , આણંદ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ, શિક્ષકગણ તેમજ ટીમ મેનેજરશ્રીઓ વગેરે ઉપસ્થિત રહેલ.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલ ૩૨ વિધાર્થીઓએ ભાગ લીધેલ. ડૉ. એ.એચ. બારડ , મદદનીશ પ્રાધ્યાપક, કોલેજ ઓફ હોર્ટીકલ્ચર, આ.કૃ.યુ., આણંદ અને ડૉ. વિનયકુમાર એચ.એમ., મદદનીશ પ્રાધ્યાપક, બી.એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર , આ.કૃ.યુ., આણંદ ટીમ મેનેજર તરીકે ફરજ બજાવેલ. નાટક અને ડીબેટ (ફેવર) સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન તેમજ માઇમ અને મોનો એક્ટીંગ સ્પર્ધાઓમાં દ્વિતિય સ્થાન હાંસલ કરેલ. આ ઉપરાંત આણંદ કૃષિ યુનિવર્સિટી ઓવરઓલ સ્પર્ધાઓમાં રનર્સ-અપ થયેલ.

ડૉ. એન.સી.પટેલ, માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદે, આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ વિજેતા અને ભાગ લેનાર વિધાર્થીઓને અભિનંદન પાઠવેલ.









GUJARAT INTER AGRICULTURAL UNIVERSITY
CULTURAL & LITERARY COMPETITION
5 October, 2017
ORGANIZED BY
NAVSARI